...ણકારી નં. ૨૮ તા. ૦૨/૦૫/૨૦...

# કર્મચારી પ્રોવિડન્ટ ફંડ - Final Settlement Claim (Form No.19) માટેની સુચનાઓ

Write your Mobile Number on top of form to get SMS alerts

**EMPLOYEES' PROVIDENT FUND SCHEME 1952**

**FORM 19**

**FOR CLAIMING FINAL SETTLEMENT FROM PROVIDENT FUND**

**INSTRUCTIONS**

**WHO CAN APPLY:**

1. Members of the fund after leaving service under conditions mentioned against 3 below.

In case of the death of the member, the family members/nominee/legal heir should apply through Form 20.

**GENERAL INSTRUCTIONS**

1. Members who mention their mobile number on the form will get SMS alerts on different stages of the approval of their claim form.

The members can also visit the epfindia.gov.in website to view the status of their claims through the link, Know Your Claim Status.

2. All the columns in the form should be filled in BLOCK LETTERS without any overwriting.
3. Against the column, "Reason for leaving service" indicate the one applicable
   - (a) Retired from service after attaining the age of 55 year/Attained the age of 55 years.
   - (b) Retired on account of permanent and total incapacity for work due to Bodily/Mental infirmity.
   - (c) Retired under voluntary retirement scheme
   - (d) Migrating from India for permanent settlement abroad/taking up employment abroad.
   - (e) Retrenched from service
   - (f) Discharged from service on receiving compensation under the Industrial Dispute Act, 1947.
   - (g) Resigned-(not employed in any factory to which the Employees' Provident Funds Scheme applies).

If the reason for leaving is (f) or (g) above, the claim form should be submitted after 2 months waiting period from the date of leaving and the members should sign the certificate about non employment under any establishment where he is having another PF Account.

**If the member is already employed in another establishment to which the Act applies, he/she should apply in Form 13 for transfer of his/her account.**

4. Member's Account Number: The account number should have the Region Code (two alphabets), Office Code (three alphabets) code number (maximum 7 digits), extension (sub code, if any, maximum three characters) and account number (maximum 7 digits).

The region codes have changed after creation of the multiple regions in some states, namely Maharashtra, Tamil Nadu, Karnataka, West Bengal, Punjab, Gujarat, Andhra Pradesh, Uttar Pradesh, Haryana and Delhi. For getting the correct Region and Office Codes, please visit **Establishment Search** facility provided under link for Employees through the epfindia website [epfindia.gov.in].



5. Payment is made by directly crediting the Bank Account mentioned by the claimant. In case the bank account is in a computerised branch, payment may be made faster through electronic mode (NEFT etc). **The claimant should attach a copy of blank/cancelled cheque ensuring that the IFS Code and Account numbers are clearly visible.**

Payment can be made through Money Order only if the total amount is less than 2000/-. The claimant should mention his/her POSTAL ADDRESS correctly with PIN Code so as to receive the money and any communication related to the claim.

**ATTESTATION OF CLAIM FORM**

The application should be submitted through the employer under whom the member was last employed. In case the claim is through a form downloaded from the epfindia website, all pages should be signed by the claimant as well as the employer.

In case of a closed establishment whose Authorised Signatory/Employer is not available, the claimant may forward the claims duly signed in the presence of any of the following authorized official and got attested over his official seal.

Magistrate/ Gazetted Officer/Post or Sub-Post Master/President of Village Union/ President of the Village Panchayat where there is no Union Board/Chairman or Secretary or Member of the Municipal or District Local Board/Member of Parliament/Legislative Assembly/Member of Central Board of Trustees/Regional Committee of Employees' Provident Fund/Manager of the Bank in which the Saving Bank Account is maintained/Head of any recognized educational Institution

**DOCUMENTS TO BE ENCLOSED**

**A copy of the blank/cancelled cheque having the account number and IFS Code** of the branch clearly visible so that the payment may be made in the correct account and through electronic mode for faster credit.

**A medical certificate** from the ESI or if the employee is not covered under the ESI Scheme, the medical Officer designated by the Establishment should be attached - if the member retired on account of permanent and total incapacity (reason for leaving b, mentioned above) due to bodily or mental infirmity,

**Copy of Visa, Passport Journey Ticket** - In case of migration from India for permanent settlement abroad (reason for leaving d mentioned above).

**Offer of appointment letter and Copy of Visa, Passport Journey Ticket** - In case of taking up employment abroad.

**INSTRUCTION TO THE EMPLOYER BEFORE FORWARDING THE CLAIMS:**

Contribution card in respect of the member should be enclosed if not already sent to the Commissioner. In case, the contribution is not already paid, it should be remitted by separate challan and receipted triplicate challan should be enclosed to the claim.

From the wage month of March 2012 (paid in April 2012) the Contribution card is not required and in case of nonpayment, the same should be done through monthly ECRs.

**NOTE**: If eligible for monthly pension, please send Form 10D (EPS) and if eligible for Scheme Certificate/Withdrawal Benefit send Form 10C also.



**નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : epfindia.gov.in વેબ સાઈટ)**

મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

# શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત

સ્થળ : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી – ૩૬૫ ૬૦૧, ગુજરાત

ISO : 9001-2000 ફોન : (૦૨૭૯૨) ૨૩૨૩૨૧, ૨, ૩, ૪, ૫, ૬ ફેક્સ : (૦૨૭૯૨) ૨૩૨૩૨૭ www.amrelisankul.org info@amrelisankul.org


જાવક નં.

## જાણકારી નં. ૦૨૮ તા. ૦૯/૦૫/૨૦૨૩

# ફાર્મસી – પ્રવેશ પ્રક્રિયા અંગેની સુચના

## કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય

## એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ [ACPC]

એલ. ડી. કૉલેજ ઓફ એન્જિ. કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.

### ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૩-૨૪

ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીનાં ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારની અને અનુદાનિત સંસ્થાની તમામ બેઠકો, સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠકો સાથે મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકો તથા સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ સેન્ટર ઓફ એક્સેલેન્સની ૩૩% બેઠકો સાથે સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચિ વેબસાઈટ પર ઉપલબ્ધ છે) પર રજિસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

<u>પ્રવેશની લાયકાતઃ</u>

અ] <u>સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે</u> : પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરિક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૩ની પરિક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

બ] <u>સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫% બેઠકો માટે</u> : પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરિક્ષા પાસ કરેલ હોય અને NEET - ૨૦૨૩/JEE (મેઈન) - ૨૦૨૩ની પરિક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

ક] <u>સેન્ટર ઓફ એક્સેલન્સની સરકારી બેઠકો માટે</u> : પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત અન્ય પાત્રતાના માપદંડોને અનુરુપ ગુજરાત રાજ્યમાં સ્થિત શાળાઓમાંથી નીચે જણાવ્યા મુજબ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરેલ હોય અને સંબંધિત પ્રવેશ પરિક્ષામાં હાજર રહેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

| લઘુત્તમ લાયકાત અને મેરીટની જોગવાઈ | | |
|---|---|---|
| લઘુત્તમ લાયકાત | ઉમેદવારે સરકાર અને PCI દ્વારા સુચિત HSC (વિજ્ઞાન પ્રવાહ ગ્રુપ એ અથવા બી) પરિક્ષા પાસ કરેલ હોવી જોઈએ. તેની વિગતો નીચે દર્શાવેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. www.jacpcldce.ac.in www.acpc.gujarat.gov.in | |
| મેરીટની જોગવાઈ | સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની ૯૫% અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો | ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષયોનાં થીયરી પર્સેન્ટાઈલના ૫૦% અને સંબંધિત વિષયોની ગુજસેટ - ૨૦૨૩ની પરિક્ષાના પર્સેન્ટાઈલના ૫૦% પર મેરીટ બનાવાશે. |
| | સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની ૦૫% બેઠકો | NEET - ૨૦૨૩/JEE (Main) - ૨૦૨૩ના ઓલ ઈન્ડિયા રેન્ક પર મેરીટ બનાવવામાં આવશે. |

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

ઉપરોક્ત જોગવાઈઓ [અ], [બ] અને [ક]ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજિસ્ટ્રેશનથી તમામ પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.

<u>રજિસ્ટ્રેશનની પ્રક્રિયાઃ</u>

- ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા તા.૦૯/૦૫/૨૦૨૩ના રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યાથી શરૂ થશે.
- ઓનલાઈન રજિસ્ટ્રેશન અને તેની રજિસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તારીખ ૦૫/૦૬/૨૦૨૩ (સાંજે ૦૫:૦૦ કલાકે) રહેશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજિસ્ટ્રેશન ફી રૂા.૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઈન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

| પ્રવેશ પ્રક્રિયા માટે ACPC દ્વારા ઓનલાઈન સુવિધાઓ | |
|---|---|
| સુવિધાનો પ્રકાર | ઉપલબ્ધ પ્રવૃતિઓ |
| વેબસાઈટ: gujacpc.admissions.nic.in | ઓનલાઈન રજિસ્ટ્રેશન, રજિસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | સંસ્થા અને અભ્યાસક્રમની ચોઈસ ફીલીંગ |
| | ફાળવણીનું પરિણામ, પ્રવેશ કાયમ કરવો અથવા રદ કરવો (જો જરૂર લાગે તો) |
| | પ્રવેશ કાયમ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| વેબસાઈટ : www.acpc.gujarat.gov.in www.jacpcldce.ac.in | સૂચનાઓ, લાયકાત અને મેરિટ તૈયાર કરવાના નિયમો, જાહેરખબરો અને તમામ પ્રકારની જાહેરાતો તથા સમગ્ર પ્રવેશ પ્રક્રિયાને લગતાં સુધારા-વધારા, ઈ-બુકલેટ, વગેરે. |
| | સંસ્થાઓની યાદી તથા ઉપલબ્ધ અભ્યાસક્રમો |
| | નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સની યાદી |
| | પ્રવેશનું સમયપત્રક, કોમન મેરિટ લિસ્ટ, કટ-ઓફ માર્ક્સ અને અન્ય સુવિધાઓ |
| નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (તમામ કામકાજના દિવસો માટે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધીનો સમય) | પ્રવેશ પ્રક્રિયા માટે વિના મુલ્યે ઓનલાઈન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| ૨૪x૭ સમયની હેલ્પલાઈન | ૦૭૯-૨૬૫૬૬૦૦૦ પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| સમિતિની ઉપર દર્શાવ્યા સિવાયની અન્ય કોઈ વેબસાઈટ નથી | |

<u>નોંધઃ</u> તમામ ઈચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ પ્રક્રિયા અંગેની તમામ નવીનતમ માહિતી અને અપડેટ્સ માટે સમયાંતરે ACPCની ઉપરોક્ત વેબસાઈટ્સ તપાસો.

તા.૦૯/૦૫/૨૦૨૩. - મેમ્બર સેક્રેટરી

**હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦**

**નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : ACPC વેબસાઈટ, તા. ૦૮/૦૫/૨૦૨૩)** મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જાવક નં. તારીખ :

જાણકારી નં. ૦૩૦ તા. ૧૦/૦૫/૨૦૨૩

## ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહ

## અવલોકન/ગુણચકાસણી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-૨૦૨૩ ની પરીક્ષાનું પરિણામ તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ઉત્તરવહી અવલોકન/ગુણચકાસણી અને OMR ની નકલ મેળવવાની અરજી કરવા ઇચ્છતા હોય તેઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sci.gseb.org** પર તા.૦૯/૦૫/૨૦૨૩ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકથી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ ની સાંજના ૧૭:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે.

ગુણચકાસણી, અવલોકન અને OMR ની નકલ મેળવવા માટેની નિયત ફી ઓનલાઇન SBIePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking) દ્વારા અથવા SBIePay ના "SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

તારીખ:-૦૬/૦૫/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર

નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નોંધઃ–(પ્રાપ્તિ સ્થાન : બોર્ડ વેબસાઇટ તા. ૦૬/૦૫/૨૦૨૩)** **મેનેજમેન્ટ વતી**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)


- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M. Pharm. મહિલા કોલેજ
- શ્રીમતિ એસ. એચ. ગજેરા M.B.A. મહિલા કોલેજ
- શ્રી એમ. એલ. કાકડીયા M.C.A. મહિલા કોલેજ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ i-MBA મહિલા કોલેજ (PG)
- શ્રી ટી. આર. તન્ની M.Sc.(IT & CA) મહિલા કોલેજ
- શ્રીમતિ સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ i-MBA મહિલા કોલેજ (UG)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ (Applied)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Com. મહિલા કોલેજ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.A. મહિલા કોલેજ
- શ્રી એચ. આર. મહેતા M. Ed. મહિલા કોલેજ (NS)
- શ્રી કે. પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ B.B.A. મહિલા કોલેજ
- શ્રીમતિ યુ. બી. ભગત સાયંસ મહિલા કોલેજ (App.)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સાયંસ મહિલા કોલેજ (Basic)
- શ્રીમતિ આર. કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજ
- શ્રીમતિ ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ
- શ્રી બી. એન. વિરાણી ઉ.માધ્યમિક કન્યા શાળા
- શ્રીમતિ એ. બી. પાંચાણી ઉ.માધ્યમિક કન્યા શાળા
- શ્રી બી. એન. વિરાણી માધ્યમિક કન્યા શાળા
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા
- શ્રીમતિ પી. આર. ધામી ઉ. પ્રાથમિક કન્યા શાળા
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મિડીયમ GSEB હાયર સેકન્ડરી સ્કૂલ
- શ્રીમતિ એસ. એમ. વઘાસિયા ઈ.મિ. ICSE સેકન્ડરી & અ.પ્રાય. સ્કૂલ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈ.મિ. GSEB સેકન્ડરી & અ.પ્રાય. સ્કૂલ
- શ્રીમતિ એસ. એમ. વઘાસિયા ઈ.મિ. ICSE લો.પ્રાય. & પ્રિ.પ્રાય. સ્કૂલ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મિડીયમ GSEB લોઅર પ્રાયમરી સ્કૂલ
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ આંબેડકર યુનિવર્સિટી મહિલા સ્ટડી સેન્ટર
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ નેશનલ ઓપન સ્કૂલીંગ ગર્લ્સ સ્કૂલ(NS)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ D.M.L.T. મહિલા કોલેજ (પ્રોસેસ)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ (Basic)(પ્રોસેસ)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મીડીયમ CBSE સ્કૂલ (સૂચિત)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ નર્સિંગ મહિલા કોલેજ (સૂચિત)
- શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ફીઝીયોથેરાપી મહિલા કોલેજ (સૂચિત)

જાવક નં. તારીખ :

## જાણકારી નં. ૩૧

## તા. ૧૩/૦૫/૨૦૨૩

## GTU - Amendment in Summer Vaction -2023

**GUJARAT TECHNOLOGICAL UNIVERSITY**

(Established by Government of Gujarat under Gujarat Act No.:20 of 2007)

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ સ્થાપિત)

Accredited with A+ Grade by NAAC

**Ref. : GTU/Academic/Summer_Vacation/2023/ 8796** **Date : 28/04/2023** 29

# Circular

## Amendment in Summer Vacation Dates - 2023

**Ref. : 1) Academic calendar for even term dated 20/01/2023.**
**2) Academic calendar for even term dated 24/01/2023.**
**3) Academic calendar for even term dated 06/03/2023.**
**4) Academic calendar for even term dated 12/04/2023.**
**5) Minutes of meeting dated 28/04/2023 regarding summer vacation.**

With reference to academic calendar published on 6th March, 2023, GTU has declared summer vacation from 22/05/2023 to 07/07/2023. The vacation dates declared by GTU on the basis of term end for various courses & in larger interest of students.

In context of summer vacation circular (ref. 3), GTU has received request from various stake holders to change the summer vacation dates.

On request of various stake holders, the summer vacation dates are updated as mentioned in below table :

| Sr. No. | Courses | Vacation Duration |
|---|---|---|
| 1 | For all courses | 15/05/2023 to 02/07/2023 |

**Note :**

1) If the no. of teaching days falls less than 90 days in particular semester due to some unforeseen reasons, it would be responsibility of each institute/college to make good the loss by arranging extra classes.

2) All teaching/non-teaching staff have to perform exam related duties during summer vacation.

29/5/23

**Registrar**

**નોંધઃ–(પ્રાપ્તિ સ્થાન : GTU–વેબસાઈટ)** **મેનેજમેન્ટ વતી**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)


- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M. Pharm. મહિલા કોલેજ
- ☐ શ્રીમતિ એસ એચ. ગજેરા M.B.A. મહિલા કોલેજ
- ☐ શ્રી એમ. એલ. કાકડીયા M.C.A. મહિલા કોલેજ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ i-MBA મહિલા કોલેજ (PG)
- ☐ શ્રી ટી. આર. તન્ની M.Sc.(IT & CA) મહિલા કોલેજ
- ☐ શ્રીમતિ સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ i-MBA મહિલા કોલેજ (UG)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ (Applied)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Com. મહિલા કોલેજ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.A. મહિલા કોલેજ
- ☐ શ્રી એચ. આર. મહેતા M. Ed. મહિલા કોલેજ (NS)
- ☐ શ્રી કે. પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ B.B.A. મહિલા કોલેજ
- ☐ શ્રીમતિ પુ. બી. ભગત સાયંસ મહિલા કોલેજ (App.)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સાયંસ મહિલા કોલેજ (Basic)
- ☐ શ્રીમતિ આર. કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજ
- ☐ શ્રીમતિ ડી. એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ
- ☐ શ્રી બી. એન. વિરાણી ઉ.માધ્યમિક કન્યા શાળા
- ☐ શ્રીમતિ એ. બી. પાંચાણી ઉ.માધ્યમિક કન્યા શાળા
- ☐ શ્રી બી. એન. વિરાણી માધ્યમિક કન્યા શાળા
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ માધ્યમિક કન્યા શાળા
- ☐ શ્રીમતિ પી. આર. ધામી ઉ. પ્રાથમિક કન્યા શાળા
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મિડીયમ GSEB હાયર સેકન્ડરી સ્કૂલ
- ☐ શ્રીમતિ એસ. એમ. વઘાસિયા ઈ.મિ. ICSE સેકન્ડરી & અ.પ્રાય. સ્કૂલ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈ.મિ. GSEB સેકન્ડરી & અ.પ્રાય. સ્કૂલ
- ☐ શ્રીમતિ એસ. એમ. વઘાસિયા ઈ.મિ. ICSE લો.પ્રાય. & પ્રિ.પ્રાય. સ્કૂલ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મિડીયમ GSEB લોઅર પ્રાયમરી સ્કૂલ
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ આંબેડકર યુનિવર્સિટી મહિલા સ્ટડી સેન્ટર
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ નેશનલ ઓપન સ્કૂલીંગ ગર્લ્સ સ્કૂલ(NS)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ D.M.L.T. મહિલા કોલેજ (પ્રોસેસ)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ (Basic)(પ્રોસેસ)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ઈંગ્લીશ મીડીયમ CBSE સ્કૂલ (સૂચિત)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ નર્સિંગ મહિલા કોલેજ (સૂચિત)
- ☐ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ ફીજીયોથેરાપી મહિલા કોલેજ (સૂચિત)

જાણ[illegible]રી નં. ૩૨ તા. ૧૩/૦૫/૨૦૨૩

# [illegible]ન-૨૩ થી ધો. ૬ થી ૧૨ ગણિત તથા વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે બોર્ડ પરિપત્ર


ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-૧૦ એ, ગાંધીનગર


ક્રમાંક : ૫૫મ/વ.વિ./૨૦૨૩/૩૭૫૩-૫૭ તા. ૦૩/૦૫/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-તમામ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ,
- શાસનાધિકારીશ્રી-તમામ,
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ

વિષય : જૂન-૨૩ થી શરૂ થતાં નવા શૈક્ષણિક સત્રમાં ધો.૬ થી ૧૨ માં ગણિત તથા વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકો અંગે.

સંદર્ભ :

1. જીસીઈઆરટી-ગાંધીનગરના પત્ર નં.: જીસીઈઆરટી/અભ્યાસક્રમ/૨૦૨૨/૨૭૮૧, તા. ૨૫/૦૧/૨૦૨૩
2. ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2023/ 458-460, તા. 31/01/2023
3. ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2023/ 511-513, તા. 02/02/2023
4. શાખાની તા. ૦૨/૦૫/૨૦૨૩ ની નોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી.

જયભારત સાથ જણાવવાનું કે, NCERT દ્વારા વિદ્યાર્થીઓ પર ભણતરનો ભાર ઘટાડવા માટે Class- VI to XII માં Rationalised Content in Textbooks અન્વયે પ્રકરણના કેટલાક મુદ્દાઓ કે સમગ્ર પ્રકરણ દૂર કરેલ છે અને તે અનુસાર ઘટાડેલ પાઠ્યસામગ્રી મુજબ NCERT એ ધો. ૬ થી ૧૨ ના પાઠ્યપુસ્તકો આ વર્ષે પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ સંદર્ભ-1, 2 અને 3 અનુસારના પત્રોથી થયેલ સૂચના અન્વયે મંડળ દ્વારા ચાલુ વર્ષે જૂન-૨૩થી શરૂ થતા શૈક્ષણિક વર્ષમાં ધો. ૬ થી ૧૨ ના ગણિત અને વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકો મુદ્રિત કરેલા છે તે બજારમાં ઉપલબ્ધ થશે. હાલ બજારમાં, શાળાઓમાં તથા વાલી કે વિદ્યાર્થીઓ પાસે ગત વર્ષમાં અમલી/મુદ્રિત થયેલા પાઠ્યપુસ્તકો પણ ઉપલબ્ધ હોય આ બાબતે સંદર્ભ-4 અનુસાર મળેલ મંજૂરી અન્વયે નીચે મુજબની સૂચના ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી થવા વિનંતી.

ધો. ૬ થી ૧૦ ના ગણિત અને વિજ્ઞાન વિષય તેમજ ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકોમાં સામેલ પત્રકમાં દર્શાવેલ વિગત મુજબના પ્રકરણના અમુક મુદ્દાઓ કે સમગ્ર પ્રકરણને દૂર કરવામાં આવેલા છે. જેથી ગત વર્ષમાં અમલી/મુદ્રિત થયેલા સદરહુ વિષયના પાઠ્યપુસ્તકો શાળા/શિક્ષક કે વિદ્યાર્થી પાસે ઉપલબ્ધ હોય તો શાળા કક્ષાએ શિક્ષક દ્વારા સંબંધિત વિષયમાં ઘટાડેલ વિષયવસ્તુના મુદ્દાઓ કે ઘટાડેલ પ્રકરણની વિગતો ધ્યાનમાં રાખીને પણ ઉપયોગ કરી શકાશે. શિક્ષક દ્વારા ઘટાડેલ વિષયવસ્તુના મુદ્દાઓની નોંધ વિદ્યાર્થીના પુસ્તકમાં કરાવવાની તકેદારી રાખવાની રહેશે.

આમ, ધો. ૬ થી ૧૦ ના ગણિત અને વિજ્ઞાન તેમજ ધો.૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયના ઘટાડેલ પાઠ્યક્રમ સાથેના ચાલુ વર્ષે મુદ્રિત થયેલા નવા પાઠ્યપુસ્તક અનુસાર શાળાઓમાં ભણાવવામાં આવે અને જો ગત વર્ષમાં અમલી/મુદ્રિત થયેલા સદરહુ વિષયના પાઠ્યપુસ્તકો શાળા/શિક્ષક કે વિદ્યાર્થી પાસે હોય તો શાળા કક્ષાએ શિક્ષક દ્વારા સંબંધિત વિષયમાં ઘટાડેલ વિષયવસ્તુના મુદ્દાઓ કે ઘટાડેલ પ્રકરણની વિગતો ધ્યાનમાં રાખીને ભણાવવામાં આવે તેવી કાળજી રાખવાની રહેશે.

સદરહુ બાબતે આપના તાબા હેઠળની કાર્યરત તમામ શાળાઓને સૂચના થવા વિનંતી.

બિડાણ :

- ધો. ૬ થી ૧૨ માં ગણિત અને વિજ્ઞાન વિષયમાં ઘટાડેલ પાઠ્યસામગ્રીની વિગતો દર્શાવતું પત્રક

નાયબ નિયામક (વહીવટ)
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

નકલ જાણ સારૂ રવાના :

પાઠ્યપુસ્તક મંડળના નોંધાયેલા હોલસેલ ડીસ્ટ્રીબ્યુટર - તમામ

મનસુખકાકાની સૂચનાથી
મેનેજમેન્ટ વતી

**નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : GSEB વેબ સાઇટ)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જાવક નં.

## જાણકારી નં. ૩૩ તા. ૧૬/૦૫/૨૦૨૩

## પ્રોજેક્ટ સ્કૂલોમાં ટાટ પરિક્ષા નવી પધ્ધતિ

સ્કૂલ એજ્યુકેશન કાઉન્સિલે લાયકાત નક્કી કરી

### પ્રોજેક્ટ સ્કૂલોમાં શિક્ષક માટે નવી પદ્ધતિની જ ટાટ આપવી પડશે

અમદાવાદ, સોમવાર

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ અને ડે સ્કૂલો સહિતની પ્રોજેક્ટ સ્કૂલોમાં ધો. ૬થી૮ના શિક્ષક બનવા માટે હવે ફરજીયાત નવી પદ્ધતી મુજબ દ્વિસ્તરીય ટાટ પરીક્ષા આપવી પડશે. અગાઉ જુની ટાટ પરીક્ષા પાસ કરેલા ઉમેદવારો પ્રોજેક્ટ સ્કૂલોમાં છથી૮ના શિક્ષકો જુની પરીક્ષાના આધારે નહીં બની શકે.

### જુની ટાટ પરીક્ષા પાસ કરેલા ઉમેદવારો પ્રોજેક્ટ સ્કૂલોમાં ધો. ૬થી ૮ માટે શિક્ષક નહીં બની શકે

સમગ્ર શિક્ષા હેઠળની ગુજરાત સ્કૂલ એજ્યુકેશન કાઉન્સિલ-સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી દ્વારા જાહેર કરવામા આવ્યુ છે કે ૨૦૨૩-૨૪થી શરૂ થનારી જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ કાઉન્સિલ દ્વારા શરૂ કરવામા આવનાર છે અને જેમાં શિક્ષણ દ્વિભાષી માધ્યમમાં આપવામા આવનાર છે. આ પ્રોજેક્ટ સ્કૂલો માટે જે સ્કૂલોની પસંદગી થઈ છે તે સ્કૂલોના સંચાલકોએ શિક્ષકોની ભરતી કરવાની થાય ત્યારે માત્ર ટાટ પાસ થયેલા ઉમેદવારો જ લઈ શકાશે તેવુ સરકારે અગાઉ જાહેર કરી દીધુ હતું.

ઉપરાંત ૨૯ એપ્રિલ ૨૦૨૩ના ઠરાવ મુજબ હવે નવી પદ્ધતિ મુજબ દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી (ટીચર્સ એપ્ટિટ્યુટ ટેસ્ટ -ટાટ) લેવનાર છે ત્યારે આ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારો જ આ પ્રોજેક્ટ સ્કૂલોમાં શિક્ષક બની શકશે. જે ઉમેદવારો આ નવી પદ્ધતિ મુજબ ટાટ પ્રિલિમ અને ટાટ મેઈન પરીક્ષા પાસ કરશે તેઓ જ ધો. ૬થી૮ના શિક્ષક તરીકે પસંદ

(અનુસંધાન છઠ્ઠા પાને)

### પ્રોજેક્ટ સ્કૂલોમાં શિક્ષક

(છેલ્લા પાનાનું ચાલુ)

થવા લાયક ગણાશે. દરેક વિષય-ભાષા માટે જે તે વિષયમાં ટાટ (માધ્યમિક) પાસ કરવા માટેના લાયકાતના ધોરણ નક્કી કરાયા છે. જેમાં ધો. ૬થી૮ના ગુજરાતી વિષય માટે ગુજરાતી, હિન્દી માટે હિન્દી અને અંગ્રેજી, વિજ્ઞાન અને ગણીત માટે અંગ્રેજી તથા સમાજશાસ્ત્ર માટે અંગ્રેજી-ગુજરાતી માધ્યમની રહેશે. નવી નીતિ અંતર્ગત નવી ટાટ માધ્યમિક પરીક્ષા પ્રિલિમ ચાર જુને અને મેઈન ૧૮ જુને લેવાનાર છે. જેના માટે ૨૦મી સુધી ઓનલાઈન અરજી થનાર છે. મહત્વનું છે કે અગાઉ જુની ટાટ માધ્યમિક પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો આ પ્રોજેક્ટ સ્કૂલો માટે લાયક ગણવામા આવનાર નથી.

મેનેજમેન્ટ વતી

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : ગુજરાત સમાચાર તા. ૧૬/૦૫/૨૦૨૩)

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જા.કારી નં. ૩૪ તા. ૧૮/૦૫/૨૦૨૩

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઇન્ટેક કેપેસિટી- વર્ષ ૨૦૨૩-૨૪


G20
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
જોડાણ વિભાગ,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪
ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in
Azadi Ka Amrit Mahotsav


નં જોડાણ/૫/ ૨૨૭૮ /૨૦૨૩ તા. ૧૨-૦૫-૨૦૨૩

સંદર્ભ:- ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા. ૦૮-૦૩-૨૦૧૯નાં ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૯/૧૨૯/ર.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ અને સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ / સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે જે કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચાલતો હોય તેવી સર્વે કોલેજોના અભ્યાસક્રમની મહત્તમ ડીવીઝન / બેચ, પ્રતિ ડીવીઝન / બેચ મહત્તમ સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪ માટે આ સાથે સામેલ પત્રક મુજબ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં નિયત સંખ્યા ઉપરાંત વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ. નિયત થયેલ ડીવીઝન / બેચ ની મહત્તમ સંખ્યા/ઇન્ટેકથી વધુ પ્રવેશ આપનાર કોલેજોના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ. મંજૂર થયેલ નિયત ઇન્ટેક થી વધુ સંખ્યામાં વિદ્યાર્થી પ્રવેશ આપવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પ્રતિ અભ્યાસક્રમ નિયત થયેલ ઇન્ટેક કેપેસિટી ઉપરાંત ૧૦% સુપરન્યુમરી સીટ તરીકે આર્થિક રીતે નબળા વર્ગો (EWSs) માટે અનામત રાખવામાં આવેલ, જે વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન નિયત થયેલ ઇન્ટેક કેપેસિટી ઉપરાંત ૧૦% સુપરન્યુમરી સીટ તરીકે રાખવાની થતી નથી. પરંતુ નિયત થયેલ ઇન્ટેક કેપીસીટીમાં જ ૧૦% સીટ આર્થિક રીતે નબળા વર્ગો (EWSs) માટે અનામત રાખવાની થાય છે.

સરકારશ્રીની નીતિ મુજબ અનુસુચિત જાતિ માટે ૭ % , અનુસુચિત જન જાતિ માટે ૧૫ % , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ૨૭% , આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦% મુજબ નિયમાનુસારનું અનામત પ્રમાણ જાળવવાનું રહેશે. આ ઉપરાંત દીવ્યાંગો માટે નિયત થયેલ ઇન્ટેક કેપીસીટીના ૫% મુજબ નિયમોનુસાર પ્રમાણ જાળવવાનું રહેશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ:-
ઇન્ટેક પત્રક

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ ( યોગ્ય કાર્યવાહી અર્થે)

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
૧. પરીક્ષા વિભાગ ૨. એકેડેમિક વિભાગ ૩. પી.જી.ટી.આર. વિભાગ
૪. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિદ્ધિ અર્થે )

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રતિ ડીવીઝન / બેચ ઈન્ટેક કેપેસિટી (વર્ષ ૨૦૨૩-૨૪)

| ક્રમ | અભ્યાસક્રમ | નવું જોડાણ | | ચાલુ / વધારાનું / કાયમી જોડાણ | |
|---|---|---|---|---|---|
| | | ડીવીઝન /બેચ (મહત્તમ) | પ્રતિ ડીવીઝન/બેચ સંખ્યા | ડીવીઝન/બેચ (મહત્તમ) | મહત્તમ સંખ્યા ( બે ડીવીઝન/ બેચ) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| 1 | B.A. | 1 | 130/170 | 2 | 260 |
| 2 | B.Com. | 1 | 130/170 | 2 | 260 |
| 3 | B.Sc. | 1 | 120 | 2 | 240 |
| 4 | B.B.A. | 2 | 60 | 3 | 180 |
| 5 | B.C.A. | 1 | 60 | 2 | 120 |
| 6 | B.S.W. | 1 | 120 | 2 | 240 |
| 7 | B.Sc.IT. | 1 | 60 | 2 | 120 |
| 8 | B.J.M.C. | 1 | 35 | 2 | 70 |
| 9 | B.R.S. | 1 | 120 | 1 | 120 |
| 10 | Bachelor of Arts Interior Design | 1 | 40 | 1 | 40 |
| 11 | D.C.S. | 1 | 60 | 1 | 60 |
| 12 | B.Sc. (Bio-information) | 1 | 60 | 1 | 60 |
| 13 | B.A. LL.B. (Integrated) | 1 | 80 | 1 | 80 |
| 14 | LL.B. (કાઉન્સિલના નિયમ મુજબ) | 1 | 60 | 2 | 120 |

કુલસચિવ

**નાધ:-(પ્રાપ્ત સ્થાન : સા.યુાન.-વબસાઇટ)**

**મેનેજમેન્ટ વતી**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જા[illegible]કારી નં. ૩૫ તા. ૧૮/૦૫/૨૦૨૩

# ધોરણ- ૯ અને ૧૦ વિષયવાર તાસ ફાળવણી અને ૧૧-૧૨ સામાન્યપ્રવાહ વિષયમાળખું

## પ્રકરણ-8

### તાસ, વિષય, પરીક્ષા, વર્ગબઢતી

**(96) તાસની ફાળવણી**

જે શાળાઓમાં ધોરણ-9 અને 10 નો એક એક વર્ગ હોય તેવી શાળાઓમાં ધોરણ અને વિષયવાર તાસની ફાળવણી

| ક્રમ | વિષય | તાસની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ધોરણ 9 | ધોરણ 10 | તાસ |
| 1 | ગુજરાતી | 5 | 6 | 11 |
| 2 | હિન્દી | 4 | 0 | 4 |
| 3 | અંગ્રેજી | 5 | 7 | 12 |
| 4 | સંસ્કૃત | 4 | 6 | 10 |
| 5 | સમાજવિદ્યા | 5 | 6 | 11 |
| 6 | ગણિત | 7 | 7 | 14 |
| 7 | વિજ્ઞાન | 6 | 7 | 13 |
| 8 | વ્યાયામ | 2 | 0 | 02 |
| 9 | ચિત્ર | 2 | 0 | 02 |
| 10 | કમ્પ્યુટર | 3 | 5 | 08 |
| 11 | વોકેશનલ ગાઈડ | 1 | 0 | 01 |
| 12 | ઈતર વિષયો | 1 | 1 | 02 |
| | કુલ | 45 | 45 | 90 |

**પત્રક - 2**

જે શાળાઓમાં ધોરણ-9 અન ધોરણે-10 નો ફક્ત એક એક વર્ગ હોય તેવી શાળાઓમાં આચાર્ય સહિત શિક્ષકોની કાર્યબોજની ફાળવણી

| ક્રમ | ધોરણ-9 અને ધોરણ-10ની વર્ગ સંખ્યા | કુલ તાસ | આચાર્ય સહિત મળવાપાત્ર શિક્ષકો | આચાર્યને ફાળે આવતા તાસ | 3 શિક્ષકોને ફાળવવાના/ આપવાના તાસ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 90+10 વૈકલ્પિક તાસ<br>કમ્પ્યુટર / વ્યાયમ વગેરે<br>કુલ-100 તાસ | 1 આચાર્ય<br>+3 શિક્ષક<br>કુલ-04 | 12 | 88 |

**વિશેષ નોંધ :-** વિષય શિક્ષકના 21 કલાકમાં ઘટતા વર્કલોડને પૂર્ણ કરવા આચાર્યશ્રીએ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર નબળા વિદ્યાર્થીઓ માટે 0 (શૂન્ય) પીરિયડ ગોઠવી વર્કલોડને પૂર્ણ કરી શકાશે.

**(97) સામાન્યપ્રવાહનું વિષયમાળખું**

**શૈક્ષણિક સત્ર જૂન-2012 : ધોરણ 12 મા અમલી બનતું સાત વિષયનું સુધારેલ માળખું.**

**જુથ 1** નીચેના પૈકી કોઈપણ એક ભાષા પસંદગી કરવાની રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 006 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ માટે) | 100 | 33 |
| 013 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયના માટે) | 100 | 33 |

**જુથ 2** નીચેના પૈકી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 001 | ગુજરાતી (જુથ-1 માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 002 | હિન્દી (જુથ-1 માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 003 | મરાઠી (જુથ-1 માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 004 | ઉર્દૂ (જુથ-1 માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 005 | સિંધી (જુથ-1 માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 006 | તમિલ (જુથ-1 માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 007 | ગુજરાતી (જુથ-1 માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 008 | હિન્દી (જુથ-1 માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |

**જુથ 3** નીચેના પૈકી કોઈપણ બે વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | |
|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
| 046 | વાણિજ્યવ્યવસ્થા | 100 | 33 |
| 129 | સંસ્કૃત અથવા | | |
| 130 | ફારસી અથવા | 100 | 33 |
| 131 | અરબી અથવા | | |
| 132 | પ્રાકૃત | | |
| 141 | મનોવિજ્ઞાન | 100 | 33 |
| 154 | નામના મૂળતત્વો | 100 | 33 |
| 009 | હિન્દી (02 પસંદ ન કરનાર માટે) | | |

**જુથ 4** નીચેના પૈકી કોઈપણ બે વિષય પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | | પ્રાયોગિક | |
|---|---|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ | કુલ | ઉત્તીર્ણ થવા માટે ગુણ |
| 022 | અર્થશાસ્ત્ર | 100 | 33 | | |
| 135 | આંકડાશાસ્ત્ર | 100 | 33 | | |
| 139 | સમાજશાસ્ત્ર | 100 | 33 | | |
| 023 | રાજ્યશાસ્ત્ર | 100 | 33 | | |
| 029 | ઇતિહાસ | 100 | 33 | | |
| 148 | ભૂગોળ | 100 | 33 | | |
| 136 | તત્વજ્ઞાન | 100 | 33 | | |
| 137 | ચિત્રકામ - સૈદ્ધાંતિક | 30 | 10 | | |
| 138 | ચિત્રકામ - પ્રાયોગિક | – | – | 70 | 23 |
| | અથવા | | | | |
| 146 | સંગીત - સૈદ્ધાંતિક | 40 | 13 | – | – |
| 147 | સંગીત - પ્રાયોગિક | – | – | 60 | 20 |
| | અથવા | | | | |
| 331 | કોમ્પ્યુટર એજ્યુકેશન | 100 | 33 | – | – |
| 332 | કોમ્પ્યુટર એજ્યુકેશન(પ્રાયો.) | – | – | 50 | 17 |
| 337 | S.P. & C. C. | 100 | 33 | – | – |

મેનેજમેન્ટ વતી

**નોંધ:-(પ્રાપ્તિ સ્થાન : ઓફીસ હેન્ડ બુક - ૨૦૧૯)**

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જાણકારી નં. ૩૬ તા. ૧૯/૦૫/૨૦૨૩

## બી.એડ્. પ્રવેશ પરિક્ષા બંધ – સ્નાતક આધારે પ્રવેશ

30 મે સુધી વિદ્યાર્થીઓ B.Edમાં પ્રવેશ માટે યુનિ.ની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે : 50% ગુણ ફરજિયાત

# બી.એડમાં પ્રવેશ પરીક્ષા બંધ, સ્નાતકના આધારે એડમિશન

એજ્યુકેશન રિપોર્ટર | રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં બી.એડમાં પ્રવેશ માટેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે ત્યારે અગાઉ જ્યારે બી.એડ કોલેજો IITE (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન)માં જોડાયેલી હતી ત્યારે પ્રવેશ પરીક્ષા લેવાતી હતી. પરંતુ તાજેતરમાં જ સૌરાષ્ટ્રની બી.એડ કોલેજોને ફરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સામેલ કરી દેવાયા બાદ હવે વિદ્યાર્થીઓએ બી.એડમાં પ્રવેશ માટે પરીક્ષા આપવી નહીં પડે પરંતુ સ્નાતકમાં મળેલા માર્કના આધારે એડમિશન આપવામાં આવનાર હોવાનું યુનિવર્સિટીએ પ્રવેશ જાહેરાત બહાર પાડી જણાવ્યું છે. બી.એડમાં એડમિશન લેવા માગતા વિદ્યાર્થીઓએ 30 મે સુધી યુનિવર્સિટીની વેબસાઈટ www.sauedu.in ઉપરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ/સરકારી અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં બી.એડ બે વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે આ બે વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ નિયમિત ફી. રૂ. 450 સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ ઓનલાઈન અરજી કરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ છેલ્લાં સેમેસ્ટરની માર્કશીટમાં જે માર્ક્સ પરથી ક્લાસ આપવામાં આવેલ છે તે માર્ક્સ લાયકાત તરીકે ગણવામાં આવશે. એટલે કે NCTE ના નિયમ પ્રમાણે SC, ST અને SEBC કેટેગરી સિવાયના વિદ્યાર્થીઓ માટે સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ લઘુતમ 50% ટકા (49.50% થી વધુ) પરંતુ SC,ST, અને SEBC કેટેગરીવાળા વિદ્યાર્થીઓને 5 ટકા છૂટ મળશે. પ્રવેશ સંબંધી કોઈપણ પ્રકારની પૂછપરછ કરવી હોય તો વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકેડેમિક સેન્ટર ખાતે કરી શકે છે.

## ઘેરબેઠાં બી.એડ કરવાનું દૂષણ કેટલીક કોલેજોમાં હજુ યથાવત!

બી.એડ એ રેગ્યુલર કોર્સ છે, એક્સટર્નલ કરી શકાતો નથી, પરંતુ રાજકોટ સહિત સૌરાષ્ટ્રની કેટલીક ખાનગી કોલેજો એક્સટર્નલ એટલે કે કોલેજ આવ્યા વિના બી.એડ કરાવી રહ્યા છે, એક વર્ષની આશરે એક લાખ ફી વસૂલી રહ્યા છે. બી.એડ ભણ્યા બાદ વિદ્યાર્થીઓ શિક્ષક બની શાળામાં બાળકોને ભણાવે છે, પરંતુ ખરેખર જે પોતે જ કોલેજે બી.એડ ભણવા જતા નથી તે ભવિષ્યમાં વિદ્યાર્થીઓને શું ભણાવશે તે પણ મોટો સવાલ છે. અગાઉ 'દિવ્ય ભાસ્કરે' આ દૂષણ સામે અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો ત્યારે કોલેજોને વિદ્યાર્થીઓની બાયોમેટ્રિક હાજરી પૂરવા અને તેનો રેકર્ડ નિયમિત રીતે યુનિવર્સિટીને મોકલવા નિર્ણય કરાયો હતો, પરંતુ તેનો પણ ફિયાસ્કો થઇ ગયો છે.

### આવી રીતે મેરિટ તૈયાર કરવામાં આવશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હોય તો સેમેસ્ટર 5 અને સેમેસ્ટર 6ના ફક્ત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ માત્ર થિયરી એક્સટર્નલ માર્ક્સ ગણવામાં આવશે. અધર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હોય તો સેમેસ્ટર 1થી 6ના ગ્રાન્ડ ટોટલ માર્ક્સ ગણવામાં આવશે અને તેના આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે.

### કોલેજો ટીચર્સ યુનિવર્સિટીમાં હતી ત્યારે પ્રવેશ પરીક્ષા લેવાતી હતી

“બી.એડ કોલેજો અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ટીચર્સ યુનિવર્સિટીમાં ભળી હતી ત્યારે બી.એડમાં એડમિશન લેવા માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવતી હતી, પરંતુ હવે બી.એડ કોલેજો ફરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભળી છે ત્યારે વિદ્યાર્થીઓએ પ્રવેશ - પરીક્ષા આપવાની નથી. સ્નાતકના માર્કના આધારે એડમિશન પ્રક્રિયા કરવામાં આવશે.

» ડૉ. નિદત બારોટ, ડીન, એજ્યુકેશન ફેકલ્ટી

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : દિવ્યભાસ્કર તા. ૧૯/૦૫/૨૦૨૩)

મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જાણકારી નં. ૩૭ તા. ૨૦/૦૫/૨૦૨૩

# PSYCHOLOGY (M.A. Semester I to IV Programme

| No. | Core/ Elective/ Interdisciplinary | Name of Course | Credits | IM | EM | TM | Course/ paper Code |
|---|---|---|---|---|---|---|---|
| | | M.A Semester-I | | | | | |
| 1 | CCT-01 | Advanced Experimental Psychology Theory | 04 | 30 | 70 | 100 | |
| 2 | CCT-02 | Research Processes in psychology | 04 | 30 | 70 | 100 | |
| 3 | CCT-03 | Introduction To Cognitive Psychology | 04 | 30 | 70 | 100 | |
| 4 | ECT-01 | Health Psychology OR Advanced Social Psychology | 04 | 30 | 70 | 100 | |
| 5 | ECT-02 | Basic Psychology of Emotion OR Psychology of Adolescence | 04 | 30 | 70 | 100 | |
| | | Total | 20 | | | 500 | |
| | | M.A Semester-II | | | | | |
| 1 | CCT-04 | Practical Psychology OR Counselling Psychology (Only For External Students) | 04 | 30 | 70 | 100 | |
| 2 | CCT-05 | Statistics in Psychology | 04 | 30 | 70 | 100 | |
| 3 | CCT-06 | Theories of Cognitive Psychology | 04 | 30 | 70 | 100 | |
| 4 | ECT-03 | Rehabilitation Psychology OR Psychology of Indian Problems | 04 | 30 | 70 | 100 | |
| 5 | ECT-04 | Stress and Stress Management OR Psychological Theories of Education | 04 | 30 | 70 | 100 | |
| | | Total | 20 | | | 500 | |
| | | M.A Semester-III | | | | | |
| 1 | CCT-07 | Psychology of Brain Problems | 04 | 30 | 70 | 100 | |
| 2 | CCT-08 | Psycho-Diagnostic Methods | 04 | 30 | 70 | 100 | |
| 3 | CCT-09 | Models of Psycho-Pathology | 04 | 30 | 70 | 100 | |
| 4 | ECT-05 | Behaviour Modification OR Work Place Counselling | 04 | 30 | 70 | 100 | |
| 5 | ICT-01 | Theories of Psychology-I OR Positive Psychology | 04 | 30 | 70 | 100 | |
| | | Total | 20 | | | 500 | |
| | | M.A Semester-IV | | | | | |
| 1 | CCT-10 | Assessment and Treatment of Brain | 04 | 30 | 70 | 100 | |
| 2 | CCT-11 | Psycho-Diagnostic Testing | 04 | 30 | 70 | 100 | |
| 3 | CCT-12 | Psycho-Pathology | 04 | 30 | 70 | 100 | |
| 4 | ECT-06 | Psychotherapeutics OR Dissertation | 04 | 30 | 70 | 100 | |
| 5 | ICT-02 | Theories of Psychology-II OR Advanced General Psychology OR Dissertation | 04 | 30 | 70 | 100 | |
| | | Total | 20 | | | 500 | |

*IM= Internal Marks, **EM= External Marks, ***TM= Total Marks

નોંધઃ-(પ્રાપ્તિ સ્થાન : સૌ.યુનિ.-વેબસાઈટ

મેનેજમેન્ટ વતી

★ તમામ મુખ્ય નોટીસબોર્ડ (૦૩), ★ તમામ સ્ટાફરૂમ (૧૭), ★ તમામ ઓફીસ રૂમ (૦૯), ★ તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ (૧૧)

જાવક નં.

## જાણકારી નં. ૩૯ તા. ૨૩/૦૫/૨૦૨૩

## ધો.૧૦ રીઝલ્ટ તારીખ ૨૫/૦૫/૨૩ જાહેર

